બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# મંડળીનો જન્મ

લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Janie Forest
અનુકૂલન : Ruth Klassen
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
નિર્માતા : Bible for Children
www.M1914.org

BFC
PO Box 3
Winnipeg, MB R3C 2G1
Canada

©2015 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.



જ્યારે ઈસુ મરી ગયા ત્યારે તેના શિષ્યો ખૂબ જ ડરી ગયા અને પોતે છૂપાઈને બેસી ગયા. જ્યારે ઈસુ મૃત્યુમાંથી સજીવન થયા ત્યારે તેમણે પોતાનું શરીર તેમના શિષ્યોને બતાવ્યું. ઈસુ સજીવન થયા હતાં. પણ- હવે ઈસુ તેમને મૂકીને સ્વર્ગમાં જવાનું આયોજન કર્યું હતું, કે જ્યાં તે (ઈસુ) પોતાના પિતાની સાથે હંમેશા માટે રહી શકે.



પૃથ્વી છોડીને
ગયા પહેલાં
ઈસુએ પોતાના
શિષ્યોને કહ્યું
હતું કે તે ઉપર જઈને
તેમના ઈશ્વરનો આત્મા મોકલી આપશે
કે જે તે સર્વને દિલાસો અને મદદ પૂરા પાડશે.
(યોહાન ૧૫:૨૬). હવે સમય પાસે આવ્યો હતો. પ્રભુ ઈસુના ગયાના
થોડા જ દિવસમાં પ્રભુ પવિત્ર આત્મા નીચે ઉતરી આવ્યો.

એ બિના આ પ્રમાણે બની. એક ઘરની અંદર ઈસુના ૧૨૦ જેટલા શિષ્યો પ્રાર્થના કરતા હતાં. એકાએક આખું ઘર પવનના ઘુઘવાટા અને ફૂંકાતા પવનથી ભરાઈ જવા લાગ્યું.



દરેકના માથા પર એક જીભ આવીને ઉભી રહી ગઈ. ઈસુએ આપેલા
વચન પ્રમાણે - તેઓ દરેક પવિત્રઆત્માથી ભરપૂર થઈ ગયાં.



ઈસુના શિષ્યો ગલીઓમાં એવી ભાષા બોલવા લાગ્યા જે કદી શીખ્યા ન હતાં. જે પરદેશીઓ યરૂશાલેમની મુલાકાતે આવ્યા હતા તેમણે જોયું કે શિષ્યો ઈશ્વરના મહાન કાર્યોની વાતો ઘણી ભાષાઓમાં બોલવા લાગ્યાં. આ મુલાકાતીઓ આશ્ચર્ય પામ્યા. “આનો શો અર્થ છે?” તેમણે પૂછ્યું. “તેઓએ નવો દારૂ પીધો છે.” અમૂક લોકોએ તેમની મશ્કરી કરી.



પણ પીતરે તેમને કહ્યું, “આ લોકોએ કોઈ દ્રાક્ષારસ પીધો નથી.” પણ જેમ યોએલ પ્રબોધકે ભવિષ્યવાણી કરી હતી તે પ્રમાણે... પિતરે તેમને યાદ દેવડાવ્યું કે ઘણા વર્ષો પહેલા ઈશ્વરે વચન આપ્યું હતું કે પવિત્ર આત્મા આવશે અને તે લોકોને આશીષ આપશે તથા સહાય કરશે.



પિતરે લોકોને કહ્યું કે, તેમણે પોતાના પાપથી પાછું ફરવાનું છે અને ઈસુ ખ્રિસ્તના નામમાં બાપ્તિસ્મા લેવાનું છે. “એમ કરવાથી તેઓ પવિત્ર આત્માનું દાન પ્રાપ્ત કરશે...” પીતરે કહ્યું. ત્યાં આવેલા લોકોમાંથી 3000 લોકો ઈશ્વરને આધિન થયા. તેઓ ઈસુનું ભજન કરીને શિષ્યોની સાથે જોડાયા. જેમ સમય પસાર થતો ગયો તેમ વધુને વધુ લોકો મંડળીમાં ઉમેરાયા, આ રીતે પવિત્ર આત્માના કાર્યથી મંડળીની શરૂઆત થઈ.



પવિત્ર આત્મા ઈશ્વરના લોકોમાં એક પ્રકારનું સામર્થ્ય લઈને આવ્યો. એક દિવસ પિતર અને યોહાન મંદિરમાં પ્રાર્થના કરવા માટે ગયા. ત્યાં એક લંગડો મંદિરના દરવાજા પાસે બેસીને ભીખ માંગતો હતો. તેણે પીતર અને યોહાન પાસે પૈસા માંગ્યાં.





ત્યારે પિતરે તેને કહ્યું, “સોનું કે
ચાંદી મારી પાસે નથી પણ મારી
પાસે છે તે હું તને આપુ છું. એટલે
ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામમાં
ઉભો થા અને ચાલ.” અને તેણે
તેને જમણા હાથથી પકડીને
ઉઠાડ્યો. અને ઉભો કર્યો. તેથી
તે ઉભો થઈ ગયો અને ચાલવા
લાગ્યો. તે તેઓની સાથે ચાલતો
અને કૂદતો. પ્રભુની સ્તુતિ કરતો
દેવના મંદિરમાં ગયો.

જે ટોળું ત્યાં ભેગુ થયું હતું તે બાબત જોઈને આશ્ચર્યચકિત થઈ ગયું. પીતરે તેઓને કહ્યું કે આ તો ઈશ્વરનું સામર્થ્ય છે અમારું કોઈ કામ નથી જેણે આ લંગડાને ચાલતો કર્યો છે. જ્યારે પીતરે યહૂદીઓને યાદ દેવડાવ્યું કે ઈશ્વરે ઈસુને મૂએલામાંથી પાછો ઉઠાડ્યો છે, ત્યારે તેઓએ તેમને ગુસ્સે થઈને પકડી લીધા અને જેલમાં પૂરી દીધા. છતાં લગભગ ૫૦૦૦ જેટલા વ્યક્તિઓએ ઈસુ પર વિશ્વાસ કર્યો.



બીજા દિવસે પીતર અને યોહાન મંદિરની આગેવાની સામે ઉભા રહ્યાં. “તમે કઈ શક્તિ અને કયા નામથી આ કાર્ય કર્યું છે?” આગેવાનોએ પ્રશ્ન કર્યો. પવિત્ર આત્માથી ભરપૂર થઈને પીતરે હિંમતભેર જવાબ આપ્યો, “જે નાઝરેથના ઈસુને તમે વધસ્થંભ પર મારી નાખ્યો તેને ઈશ્વરે મૂએલામાંથી પાછો ઉઠાડ્યો છે. તેના દ્વારા આ લંગડો સંપૂર્ણ સાજો થઈ તમારી આગળ ઊભો છે.”





પીતરે નિડરતાથી બોલવાનું ચાલુ રાખ્યું, “સ્વર્ગની નીચે એવું કોઈ નામ આપવામાં આવેલું નથી કે જેનાથી માણસોનો ઉદ્ધાર થાય.” ઈસુ કોઈ વિશ્વાસ ન કરે માટે આ આગેવાનોએ તેમને ભારે ધમકી આપી. “હવે આજ પછી કદી તમારે ઈસુના નામે કાંઈ પણ બોલવું નહીં.”

એક સમય એવો હતો કે જ્યારે ઈસુ માટે ઊભા રહેવા માટે ડરતો હતો, પણ તે તો પવિત્ર આત્મા આવ્યો તે પહેલાની વાત છે. હવે તેને કોઈ ડરાવી શકતું ન હતું. પિતરે અને યોહાને તેમને જવાબ આપ્યો. “તમે તમારી આગળ ન્યાયથી નક્કી કરો કે અમારે શું દેવ કરતાં તમારું વધારે સાંભળવું જોઈએ? અમે જે જોયું છે અને સાંભળ્યુ છે તે કહ્યાં વગર રહેવાના નથી.”



ત્યારબાદ, આ આગેવાનોએ પીતર અને યોહાનને વધુ ધમકી આપીને છોડી દીધા. ઈશ્વરના નિડર સેવકોએ તેમના મિત્રોને જેલ અને કોર્ટની વાત જણાવી. ત્યારબાદ તેમણે મોટી પ્રાર્થના અને સ્તુતિ સભા કરી. ફરીથી લોકો પવિત્ર આત્માથી ભરપૂર થયા – આ નાની મંડળી એવી રીતે વધતી જ રહી.



# મંડળીનો જન્મ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

પ્રેરિતોના કૃત્યો ૧-૪

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાજ

55

60

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે. ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો યોહાન ૩:૧૬